પત્રિકા
૨૧૦

# ચિરાગે હિદાયત

૧૨/૦૫/૧૯
૬ રમઝાન

## કુરઆનની ફઝીલત, સવાબ અને આદાબ

હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે "દરેક વસ્તુની એક બહાર હોય છે અને કુરઆને કરીમની બહાર માહે રમઝાન છે."

જામેઉલ અખ્બારમાં જનાબે સલમાને ફારસી હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)થી આ હદીસને બયાન કરે છે કે જેમાં હઝરત રસૂલેખુદા(સ.અ.વ.) ફરમાવે છે "અય સલમાન! કુરઆને મજીદની તિલાવત જરૂર કરો કારણ કે તે ગુનાહોનો કફ્ફારો છે, જહન્નમની ઢાલ અને અઝાબથી અમાન છે. કુરઆન પઢનારને દરેક આયતના બદલામાં સો શહીદનો સવાબ મળે છે. દરેક સુરાના બદલે નબીએ મુરસલનો સવાબ મળે છે. કુરઆન પઢનાર ઉપર અલ્લાહની રહેમત નાઝિલ થાય છે અને મલાએકા તેના માટે ઈસ્તગફાર કરે છે. જન્નત તેની મુશ્તાક હોય છે અને અલ્લાહતઆલા તેનાથી રાઝી હોય છે.

મોમીન જયારે કુરઆન પઢે છે તો અલ્લાહતઆલા તેની આયતના બદલે એક હજાર હુર અતા કરે છે અને દરેક હુરૂફના બદલે સિરાત ઉપર નુર હોય છે. જયારે તે કુરઆને મજીદને ખત્મ કરે છે તો તેને ૩૧૩ એવા નબીઓનો સવાબ મળે છે જેમણે અલ્લાહના એહકામની તબલીગ કરી હોય અને એવું છે કે તેણે તમામ અંબિયા(અ.મુ.સ.)ની કિતાબોની તિલાવત કરી હોય.

અલ્લાહ તેના શરીર ઉપર જહન્નમને હરામ કરે છે. તે પોતાની જગ્યાએથી ઉભો થાય તે પહેલા અલ્લાહતઆલા તેના અને તેના વાલેદૈનના ગુનાહોને માફ કરી દે છે અને કુરઆનના દરેક સુરાના બદલે જન્નતુલ ફિરદૌસમાં તેને એક શહેર અતા કરે છે અને દરેક શહેરમાં એક એક હજાર મહેલ કે જેમાં એક એક લાખ કમરાઓ છે. જે ઘરો હશે તેના એક એક લાખ દરવાજા રહેમતના હશે.''

આ તવીલ હદીસમાં કુરઆને શરીફ પઢનાર માટે ખૂબજ સવાબ વર્ણવવામાં આવ્યો છે.

તો અઝીઝો આપણે વધારેમાં વધારે કુરઆનની તિલાવત કરવી જોઈએ અને તેના પણ આદાબ છે.

*** કુરઆનની તિલાવતમાં શું ધ્યાન રાખવું જોઈએ?:**

અબુ બશીરે ઈમામ જાફર સાદીક(અ.સ.)ની ખિદમતમાં અર્ઝ કરી ''શું માહે રમઝાનુલ મુબારકની એક રાતમાં કુરઆન ખત્મ કરી શકીએ?'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''ના.''

અબુ બશીરે ફરી પૂછ્યું ''શું બે રાત્રીમાં?'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''ના.''

અબુ બશીરે ફરી પૂછ્યું ''શું ત્રણ રાત્રીમાં?'' ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું ''હા, આ ઠીક છે.''

પછી આપ(અ.સ.)એ કહ્યું ''અય અબુ બશીર! આ માહે રમઝાનુલ મુબારકનો મોઅજીઝો છે, બીજો કોઈ મહિનો તેના બરાબર નથી, હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)ના સહાબી એક મહિના અથવા એનાથી ઓછા સમયમાં કુરઆન ખત્મ કરતા હતા. કુરઆને મજીદને જલ્દબાઝીથી નહી બલ્કે તરતીલની સાથે પઢો, જયારે એવી આયત આવે જેમાં જન્નતનો ઝિક્ર હોય તો ત્યાં રોકાઈ જાવ અને બારગાહે ખુદાવંદીમાં જન્નતનો સવાલ કરો અને જયારે જયારે એવી આયતનો ઝિક્ર હોય જેમાં જહન્નમનું વર્ણન હોય તો અલ્લાહ પાસે તેનાથી નજાતની દુઆ કરો.''

* જયારે એક શખ્સે ઈમામ(અ.સ.)ને 'વરત્તીલીલ કુરઆન તરતીલા'ની તફસીર પૂછી તો આપ(અ.સ.)એ ફરમાવ્યું કે, "મૌલા અલી(અ.સ.)નું ફરમાન છે કે કુરઆનને અશ્આરની જેમ ખૂબજ જલ્દીથી ન પઢો પણ પોતાના પથ્થર દિલોને ખોફઝદા કરો, સુરાને પુરો કરવો મકસદ નથી તેના હદફથી ફાયદો મેળવો."

અઝીઝો ઈમામ(અ.સ.)ના આ જુમલા કાબીલે ગૌરો ફિક્ર છે શું ખરેખર આપણું કુરઆન પઢવું આ મકસદ રાખે છે. કુરઆનની એક આયતના હદફને જો સમજી લેવામાં આવે તો આપણી ઝિંદગીઓને બદલી નાખવા માટે કાફી છે.

* ફઝીલ બીન અયાઝનો વાકેઓ :

ફઝીલ બીન અયાઝ એક મશહુર ડાકુ હતો. તેનું પોતાનું એક ગ્રુપ હતું તે લોકો કાફલાને લુંટી લેતા. એનું નામ સાંભળતા જ લોકો ધ્રુજવા લાગતા.

એક વખત જયારે તે એક ઘરની ભીંત ઉપર ચઢયો તેના કાનમાં કુરઆને કરીમની એક આયત સંભળાઈ "અલમ અન્નલ્લઝીન આમનુ અન ખશ્અ કોલુબોહુમ લેઝિકરીલ્લાહ."

"શું ઈમાન લાવનારાઓ માટે એ સમય નથી આવ્યો કે એમના હ્રદય અલ્લાહની યાદ માટે નિખાલસતા અપનાવે."

ફઝીલે જયારે આ આયત સાંભળી તેનું અંગ ધ્રુજવા લાગ્યું, પવિત્ર કુરઆનના શબ્દો તેના હ્રદયમાં ઉતરવા લાગ્યા અને તેની અસર એ થઇ કે તે ભીંત ઉપરથી ઉતર્યો અને માથું નમાવીને કહેવા લાગ્યો, "પરવરદિગાર! સમય આવી ગયો છે. અને પછી તૌબા અને ઈસ્તગફાર કરવા લાગ્યો અને પછી તે ડાકુમાંથી એક નેક ઈન્સાન બની ગયો."

તો અઝીઝો! આવો આપણે દુઆ કરીએ કે અલ્લાહ આપણને પણ એવી રીતે કુરઆન પઢવાની તૌફીક અતા કરે, કુરઆનથી અલ્લાહ આપણી હિદાયતના દરવાજા ખોલી દે અને કુરઆનની સારી રીતે સમજણ આપનાર યુસુફે ઝહરાના ઝહુરમાં જલ્દી કરે. ઈ.આમીન

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com